હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

શુ કહુ છુ... ગણપતિ હતાં ત્યાં સુધઈ તો તેમના મોદક ખાઇને ચલાવ્યુ.. હવે તો તમારે, ફુડ માટે બહાર ઓર્ડર કરવોજ પડશે..!

વન વિભાગ ગાંધીનગર યુનિયન દ્વારા ૭૨ વૃક્ષો વાવી શાંતિ પ્રદર્શન કરાયુ

ગાંધીનગર, તા. ૧૭

લેકાવાડા ખાતે ૧૭મી સપ્ટેમ્બરના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીનો ૭૨મા જન્મદિને વન વિભાગ ગાંધીનગર યુનિયન દ્વારા ગાંધીનગરમાં ૭૨ વૃક્ષો વાવી શાંતિ પ્રદર્શન કરવામાં આવ્યું. વન વિભાગની મુખ્ય ચાર માગણીઓમાં રજા પગાર, વન રક્ષકને ૨૮૦૦ તથા વનપાલને ૪૨૦૦ ગ્રેડ પે આપવો, બઢતીમાં ૧.૩ રેશિયો અને વન રક્ષકને પી.ટી.ઓ. પુરૂ પાડવુ વગેરે સાથે માંગણીઓ સ્વીકારવા આહવાન કર્યું હતું.

ગાંધીનગર, તા. ૧૭

૧૭ સપ્ટેમ્બર - જન સેવક પ્રધાનમંત્રી શ્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના જન્મદિવસ નિમિત્તે રક્તદાન મહોત્સવના ગાંધીનગર જિલ્લા યુવા મોરચા દ્વારા ડભોડા મુકામે યોજાયો હતો. જેમાં ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના પ્રભારી શ્રી જયશ્રી બેન પટેલ, કલોલ વિધાનસભા પ્રભારી અને પ્રદેશ પ્રવકતા ડૉ. ઋત્વિજભાઈ પટેલ,ગાંધીનગર જિલ્લા યુવા મોરચા અધ્યક્ષ શ્રી વિજેન્દ્રસિંહ વાઘેલા,યુવા મોરચા મહામંત્રી શ્રી જૈમિન પટેલ,જિલ્લા મહામંત્રી શ્રી રમેશજી ઠાકોર તથા કાર્યાલય મંત્રી પ્રજેસ પટેલ ઉપસ્થિત રહયા.

સાદરા ગ્રામસેવા સંકુલમાં ગાંધી ગ્રામજીવન યાત્રા અભિમુખતા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૭

ગૂજરાત વિદ્યાપીઠે મહાત્મા ગાંધીની વિચારને નવી પેઢીમાં જીવંત રાખવા સતત કાર્યશીલ એવી પીઠિકા છે. દર વર્ષે ગાંધી જયંતી એટલે કે વિશ્વ અહિંસા દિવસ નિમિત્તે સૌ વિદ્યાર્થીઓ તેમાં ગાંધી પ્રેરિત જીવનશૈલીની સુવાસ ભારતના હૃદય સમાન ગામડાઓમાં લઈને જાય તથા ગ્રામ્ય જીવનની હાજતો વિષે સમજણ કેળવે તથા ગ્રામ્ય જીવનને પ્રથમદર્શી રીતે અનુભવે અને પોતાના ગ્રામ્ય પરિવેશ માટે બીજા પ્રદેશના ગ્રામ્ય જીવનની શૈલી, તકનીકો અને પ્રયુક્તિઓ સમજે અને એક સાચા અર્થમાં સાંસ્કૃતિક આદાનપ્રદાન થાય આવા સુંદર પ્રયોજનો સાથે ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા સપ્ટેમ્બર માસના અંતિમ પખવાડિયામાં ગાંધી ગ્રામ જીવન યાત્રાનું આયોજન થાય છે.

નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ નિમિત્તે શહેર ભાજપ દ્વારા સમર્પણ મૂક-બધિરના દિવ્યાંગ બાળકોને ભોજન પીરસ્યું

ગાંધીનગર, તા. ૧૭

ભારતના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે રાજ્યના શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણીની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધીનગર મહાનગર ભારતીય જનતા પાર્ટી દ્વારા સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિર, સેક્ટર-૨૮ના દિવ્યાંગ બાળકોને જમાડવામાં આવ્યા હતા. આ પ્રસંગે મહાનગરના અધ્યક્ષ ઋચિર ભટ્ટ, મેયર હિતેશ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે. કમિટી ચેરમેન જસવંત પટેલ, મહામંત્રીઓ, કોર્પોરેટરો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

નેશનલ ગેમ્સના આયોજન પૂર્વે રમતગમત અંગે જાગૃતિ લાવવા સ્પોર્ટસ કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યુ છે. સ્પોર્ટસ કાર્નિવલ અંતર્ગત સ્વચ્છતા મિશન અંતર્ગત જાગૃતિ લાવવાના પ્રયાસના ભાગરૂપે સુંદર ગેમ યોજાઈ હતી. આ ઉપરાંત હેન્ડબોલ, દોડ, ગોળાફેંક જેવી રમતોમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આયુષ્માન કાર્ડ યોજનામાં ડોક્ટર સાથે મળી

રૂ.૩૩ લાખનું ફુલેકુ ફેરવનાર વીમા કંપનીનો ઓપરેટર ઝડપાયો

ગાંધીનગર, તા.૧૭

આયુષ્માન ભારત યોજના હેઠળ સુરતની સમર્પણ જનરલ-મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલના ડો.રસિક વિરાણી એ ગાંધીનગર સ્થિત વિડાલ હેલ્થ ઈન્સ્યોરન્સ કંપનીના ઓપરેટર કૃણાલ બોકડે સાથે મળીને કાવતરુ રચ્યું હતું. ૬૯ ડમી કલેઈમો કોમ્પ્યુટરમાં એકસેલ ફાઈલ બનાવી ઓનલાઈન ટેકનોલોજી ઉપયોગ સાચા બતાવીને રૂ.૩૩ લાખનું કૌંભાડમાં ઈન્ફોસીટી પોલીસે વીમા કંપનીના કોમ્પ્યુટર ઓપરેટર પોલીસ સકંજામાં આવી ગયો છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર ઈન્ફોસીટી સુપરમોલ-૧ ખાતે વિડાલ હેલ્થ ઈન્સ્યોરન્સ કંપની ઓરીએન્ટલ ઈસ્યોરન્સ કંપની સાથે મળી ગુજરાત સરકાર દ્વારા આયુષ્માન ભારત યોજના હેઠલ જે લોકો સારવાર કરાવે તેઓનો સારવાર નો ખર્ચ આપવાનું કામ વીમાં કંપની મારફતે કરતી હતી.

જે વ્યકિતની સારવારકરે તે હોસ્પિટલ દ્વારા દર્દીની સારવારની ફાઈલ ઓનલાઈન સરકારના સર્વર દ્વારા વિડાલ કંપનીમાં આવતી હતી. ત્યારબાદ ફાઈલ તપાસ્યા બાદ એપ્રુવ કરી વીમા કંપનીને પૈસા માટે ટ્રાન્સફર કરવા માટે એકસેલ ફાઈલ મોકલી આપતા હતા. વિડાલ હેલ્થ ઈન્યોરન્સમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે કામ કરતો કૃણાલ બોકડે એકસેલ ફાઈલ બનાવવાનું કામ કરતો હતો. ત્યારે ૬૯ કલેઈમ ઓનલાઈન ટેકનોલોજીથી સમર્પણ જનરલ-મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલને મોકલી આપી હોવાનું સામે આવ્યું હતું. સમર્પણ હોસ્પિટલના ડો.રસિક વિરાણીના કહેવાથી એકસલ ફાઈલો મોકલી આપી હોવાની કબુલાત કરી હતી. બંને કંપની સાથે સાથે ડો.રસિક વિરાણી અને કૃણાલ બોકડે ભેગા મળી ને ખોટા કલેઈમને સાચા દર્શાવી રૂ.૩૩ લાખ મેળવી લઈને છેતરપિંડી આચરી હતી. આ કૌંભાડમાં ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.

જેને પોલીસે કૃણાલ બોકડેની ધરપકડ કરી દીધી છે. જયારે તેની પુછપરછમાં આ કલેઈમની ફાઈલ મોકલવાના બદલામાં રૂ.૪.૫૦ લાખ રૂપીયા આપ્યાની કબુલાત કરી હતી. જયારે પોલીસ હવે સુરત જઈ ડો.રસિક વિરાણીને પણ પકડી પાડશે.

અગોરા મોલના પાર્કિંગમાંથી ટુ-બીલ કંપનીની ટાટા નેક્ષન ગાડી ચોરાઈ

ગાંધીનગર,તા.૧૭

ગાંધીનગરના સુઘડ ગામની સીમમાં આવેલા અગોરા મોલના પાર્કિંગમાંથી વાહન લે-વેચનો વેપાર કરતી ટુ-બીલ કંપની ટાટા નેક્ષન ગાડી ચોરાઈ છે. ટુ-બીલ કંપનીએ જુની વેચાણ માટે મુકેલી રૂ.૪ લાખની ગાડી ચોરી થતા કંપનીના અમદાવાદના હેડ અમોદ્ય પુરોહિતે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ મોટેરા પીવીઆર સિનેમાની બાજુમાં રહેતા અમોદ્ય પુરોહિત ટુ-બીલ કંપનીમાં અમદાવાદના હેડ તરીકે છેલ્લા છ માસથી નોકરી કરે છે. જયારે કંપની જુની ગાડીઓની લે-વેચનું કામ કરે છે. જયારે કંપનીની હેડ ઓફિસ હરીયાણા ગુડગાવ ખાતે આવેલી છે.

જયારે ટુ-બીલ કંપનીની અમદાવાદ ખાતે ઓફિસ અગોરા મોલ ગાંધીનગરના પાર્કિંગમાં આવેલ છે. જે પાર્કિંગમાં અંદાજીત ૧૫૦ થી વધુ ગાડીઓ વેચાણ માટે મુકી રાખી છે. અગોરા મોલના પાર્કિંગમાં રહેલી ગાડીઓ દર આઠ થી દસ દિવસે કંપનીના સ્ટાફના અન્ય કર્મચારીઓ સાથે રાખીને ચેક કરવામાં આવે છે. તા.૧૬ સપ્ટેમ્બરના રોજ સાંજના સાડા પાંચ વાગે સ્ટાફના કર્મચારીઓ વેચાણ માટે મુકી રાખેલી ગાડીઓ નિત્યક્રમ મુજબ ચેક કરી રહ્યા હતા તે સમયે સફેદ કલરની ટાટા નેક્ષન ગાડી નં. જી.જે.૨૩.સી.બી.-૨૪૫૬ દેખાઈ ન હતી. જયારે વર્ષ-૨૦૧૮ ના મોડલની ગાડી વસંતકુમાર રમણભાઈ પટેલના નામે રજીસ્ટર છે.

આ ગાડી બે માસથી વેચાણ માટે અગોરા મોલના પાર્કિંગમાં મુકી રાખી હતી. જે ગાડી છેલ્લે ગત તા.૨ સપ્ટેમ્બરના રોજ સાંજના સુમારે ગાડીઓ ચેક કરતા સમયે જોઈ હતી. જયારે ફરીવાર ગાડીઓ ચેક કરતા હતા તે સયમે ટાટા નેક્ષન ગાડી મળી આવી ન હતી. જેથી ગાડી કોઈ અજાણ્યો ચોરી શખ્સ ચોરી કરી ફરાર થઈ ગયો લાગે છે. ત્યારે રૂ.૪ લાખની ગાડી ચોરી અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શેરથા ગામેથી ઈકો કારનું સાયલેન્સર ચોરાયું

ગાંધીનગરના શેરથા ગામના પ્રજાપતિ વાસ ખાતે રહેતા હિતેશભાઈ પ્રજાપતિના ઘર પાસે પાર્ક કરેલી ઈકો કારનું સાયલેન્સર રાત્રીના અંધકારમાં કોઈ ચોર શખ્સ ચોરી કરી લઈ નાસી જતા અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શેરથા ગામે રહેતા હિતેશકુમાર દશરથભાઈ પ્રજાપતિ પરિવાર સાથે રહે છે અને ખાત્રજ અરવિંદ મીલ ખાતે ફરજ બજાવે છે. જયારે હિતેશભાઈ ઈકો ગાડી નં. જી.જે.૧૮.બી.ક્યું.-૫૪૩૩ નો ઉપયોગ કરે છે. ગત તા.૧૬ સપ્ટેમ્બરના રોજ બપોરના ત્રણ વાગ્યાના અરસામાં ઈકો ગાડી ઘર પાસે મુકી બાઈક લઈ હિતેશભાઈ નોકરી પર ગયા હતા. રાત્રીના ૧૨ વાગે છુટીને ઘરે આવ્યા હતા અને જમીને સુઈ ગયા હતા. સવારે સાડા આઠ વાગે ઉઠીને જોયુ તો જાણ થઈ હતી કે રાત્રીના સમયે પ્રજાપતિ વાસમાં ચોર શખ્સો આવ્યા હતા. જેથી ગાડી ચેક કરતા ઈકોનું સાયલેન્સર ચોરી થયાની જાણ થઈ હતી.

વડાપ્રધાનના જન્મદિને મધુર ડેરીએ ડભોડિયા હનુમાનજી મંદિરે રક્તદાન કેમ્પ યોજ્યો

ગાંધીનગર, તા. ૧૭

દેશના લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઈના ૭૩મા જન્મ દિવસ નિમિત્તે મધુર ડેરી, ગાંધીનગર, ભારતીય જનતા પાર્ટી (ગાંધીનગર જિલ્લા અને તાલુકા સંગઠન), યુવા મોરચા, જિલ્લા પંચાયત, ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા બ્રાન્ચ, ડભોડા ગ્રામ પંચાયત, ડભોડા મહિલા દૂધ મંડળી, ડભોડા દૂધ મંડળી, ડભોડા સેવા સહકારી મંડળી, હનુમાનજી મંદિર ટ્રસ્ટ ડભોડાના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર તાલુકાના ડભોડા ગામના તા. ૧૭-૯-૨૨ના રોજ ડભોડીયાદાદાના સાનિધ્યમાં ભવ્યતીભવ્ય રીતે મોટાપાયે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ કાર્યક્રમમાં મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાની સાથે આ વિસ્તારના પંકજભાઈ ચૌધરી-જિલ્લા પ્રભારી મંત્રી, ધારાસભ્ય શંભુજી ઠાકોર, દિલીપભાઈ પટેલ, પ્રમુખ જિલ્લા પંચાયત, ગાંધીનગર જિલ્લા અને તાલુકાના ભારતીય જનતા પાર્ટીના પદાધિકારીઓ, જિલ્લા યુવા મોરચાની સમગ્ર ટીમ, ગામના સરપંચ, ગામમાં આવેલી સંસ્થાઓ, હનુમાનજી મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, તાલુકા-જિલ્લાના ડેલીગેટ્સ તથા વિવિધ સમાજના આગેવાનો તથા ગ્રામજનોની હાજરીમાં ડભોડીયાદાદાના દર્શનથી દેશના વડાપ્રધાનના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આજુબાજુ ગામના યુવાન-યુવતીઓએ વિશાળ સંખ્યામાં આ રક્તદાન શિબિરમાં રક્તદાન કરેલ. દરેક રક્તદાતાઓને શક્તિવર્ધક પીણું ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી તરફથી તથા દરેકને ચા-પાણી, બિસ્કીટ દૂધ મંડળી અને નાસ્તો મધુર ડેરી તરફથી પુરો પાડવામાં આવ્યો હતો.

કેએસવીના યુવક મહોત્સવ 'સંગત-૨૦૨૨'નું રંગારંગ સમાપન

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન કોલેજોના યુવક મહોસ્તવ 'સંગત-૨૦૨૨'નું આજે સમાપન થયું હતું. પાવર ટુ એમપાવર''ની થીમ આધારિત આ યુવક મહોત્સવમાં યજમાન કોલેજ શ્રી એમ.એમ. પટેલ ઈસ્ટિટયુટ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચ કોલેજ વિજેતા બની હતી.

સંગત-૨૦૨૨માં એક પાત્રિય અભિનય, સુગમ-સંગીત, સમૂહ-સંગીત, નૃત્ય, કલાસિકલ સિંગિંગ, માઈમ, મિમિક્રિ, ઈન્ડિયન કલાસિકલ ડાન્સની સહિતની ૨૮ સ્પર્ધાઓમાં ૩૨ જેટલી કોલેજોના ૧૧૦૩ જેટલાં ઉત્સાહ પૂર્વક વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. સ્પર્ધાના દ્વિતીય દિવસે સેકટર-૨૩ કડી કેમ્પસના ખીમજીભાઈ વિસરામ હોલ ખાતે સંગત-૨૦૨૨ના સમાપન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિજેતા ટીમોને યુનિવર્સિટીના કુલપતિ ડૉ. ગાર્ગી રાજપરા, રજિસ્ટ્રાર ડૉ. એસ.કે. મંત્રાલા, એમ.એમ. પટેલ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. કેયુર શાહ, યુથ ફેસ્ટિવલના કો-ઓર્ડિનેટર ડૉ.કપિલ ત્રિવેદી સહિત કોલેજના ડાયરેકટર તથા પ્રિન્સિપાલના હસ્તે મોમેન્ટો એનાયત કરવામાં આવી હતી જયારે યુનિવર્સિટીના કુલપતિ ડૉ. ગાર્ગી રાજપરાના હસ્તે બે દિવસીય સ્પર્ધામાં મુખ્ય વિજેતા રહેલી એમ.એમ. પટેલ સાયન્સ એન્ડ રિસર્ચ કોલેજને વિજેતા ટીમની ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

સિવિલમાંથી ચોરી થયેલા એકસેસ સાથે બે શખ્સોને એલસીબીએ ઝડપી પાડ્યા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરમાં વાહનચોરી વધી રહી છે. વાહનચોર ટોળકી ભીડભાડવાળા વિસ્તારમાંથી તેમજ રહેણાંક વિસ્તારમાંથી પણ વાહન ચોરીને અંજામ આપે છે.ત્યારે એલસીબી પોલીસે ચોરીના એકસેસસાથે બે શખ્સોને પકડી પાડી સેકટર-૭ પોલીસ મથકના વાહનચોરીનો ગુનાનો ભેદ એલસીબી-૨ પોલીસે ઉકેલી નાંખ્યો છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૨ પીઆઈના માર્ગદર્શન હેઠળ કર્મચારીઓને જિલ્લામાં બનતા વાહનચોરીના ગુનાઓની વિઝીટ કરવા તેમજ અગાઉ વાહનચોરીમાં પકડાયેલ આરોપીઓની વોચમાં રહી હ્યુમન ઈન્ટેલીજન્સ દ્વારા તેમજ ટેકનીકલ સપોર્ટને પગલે વિવિધ ટીમો બનાવી તે દિશામાં કાર્યરત હતા.તે સમયે હે.કો રાકેશસિંહ અને પો.કો.નરેશકુમારને સંયુકત બાતમી મળી હતી. જેને પગલે વોચમાં રહી પોલીસે રાંધેજા ગામના વણકર વાસ બુટભવાની મંદિર પાસે રહેતા તુષાર ઉર્ફે રાહુલ બળદેવભાઈ પરમાર, તેમજ રાંધેજા વણકરવાસ બુટ ભવાની મંદિર પાસે રહેતા ભરત પુંજાભાઈ પરમારને સિવિલમાંથી ચોરી થયેલા એકસેસ નં. જી.જે.૧૮.ડી.એન.-૯૨૧૫ સાથે ઝડપી પાડ્યા હતા. એલસીબી-૨ એ રૂ.૪૦ હજારના વાહનચોરીનો ભેદ ઉકેલી વધુ તપાસ માટે સેકટર-૭ પોલીસ મથક ખાતે મોકલી આપ્યા છે.

વડાપ્રધાનના જન્મદિને રાજ્ય યોગ બોર્ડનો યજ્ઞ-સૂર્યનમસ્કારનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૩મા જન્મદિવસ નિમિત્તે શહેરમાં અનેકવિધ કાર્યક્રમો યોજાયાં હતાં. આ પ્રસંગે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ તેમજ મહિલા પતંજલિ યોગ સમિતિના સંયુક્ત ઉપક્રમે સેક્ટર-૩એમાં વગડાવાળી માતાજી મંદિર ખાતે વહેલી સવારે ૬ થી ૭ કલાકે ૧૧ કુંડીય યજ્ઞ કરવામાં આવ્યો હતો. આ સાથે વડાપ્રધાનને શુભકામના પાઠવવા સાથે બહેનો દ્વારા ૨૧ સૂર્ય નમસ્કાર કરવામાં આવ્યાં હતાં.